દેશ-પરદેશની
આજકાલ
Dhanraj Group

# જામનગર સ્થિત વેકરીયા હેલ્થકેર એલ.એલ.પી. ના ફાઉન્ડર અને મેનેજીંગ ડાયરેકટર યોગેન્દ્રભાઇ વેકરીયાએ ખુબજ નાની ઉંમર (૨૪ વર્ષ)માં એક ગૌરવભર્યું પગલું ભર્યું

વિશ્વભરમાંથી ઘણીબધી કંપનીઓ અને યુનિવર્સીટીઓ વેક્સીન તથા દવાની શોધ કરવા મથે છે. વેકરીયા હેલ્થકેર એમાંની એક આગળ પડતી કંપની છે અને તેના ફાઉન્ડર અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી યોગેન્દ્ર ભૂપેન્દ્રભાઇ વેકરીયાએ મીકેનીકલ એન્જીનીયરીંગ (બી. ટેક) અને ગ્લોબલ પબ્લીક હેલ્થ પ્રોગ્રામનો હાર્વર્ડ યુનિવર્સિટી (હાર્વર્ડ ટી. એચ. એન., સ્કૂલ ઓફ પબ્લીક હેલ્થ-બોસ્ટન) માંથી અભ્યાસ કર્યો છે, (અને આગળ એમબીએ કરવાની ઇચ્છા ધરાવે છે પણ સેલ્ફ સ્ટડી પર વધારે ભાર મૂકે છે.) તા. ૧૭-૪-૨૦૨૦ ના રોજ ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર, ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ડીએસટી), ગુજરાત સરકારના વૈજ્ઞાનિકો દ્વારા કોરોના વાયરસના ત્રણ નવા મ્યુટેશનનું જીનોમ સિક્વન્સ ડીકોડીંગ થયું. જેની વિશ્વસ્તરે નોંધ લેવાઇ. આજ દિવસે વેકરીયા હેલ્થકેર કંપનીએ પોતાનું ફોકસ સિંગાપોર, ઇઝરાયલ, જર્મની અને અમેરીકા માંથી પાછું ખેંચીને આ વિદ્વાન વૈજ્ઞાનિકોને બિરદાવ્યા. થોડા દિવસો સુધી ગહન ચિંતન, મનન અને મંત્રણાનો દોર ચાલ્યો અને શ્રી યોગેન્દ્રભાઇએ પોતાના ગ્રાઉન્ડબ્રેકીંગ પેટન્ટેબલ આઇડીયા જે દુનિયાભરમાં ક્યાય નથી થઇ રહ્યું એ વિશે ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર જોડે વિસ્તૃત ચર્ચા કરી. આ વાતને સંસ્થાએ સહર્ષ વધાવી અને કોલાબોરેશન કરવાનું જણાવ્યું અને સોનામાં સુગંધ ભળી ડો. ચૈતન્ય જોષી, ડાયરેક્ટર અને ડો. માધવી જોષી જોઇન્ટ ડાયરેક્ટર-જીબીઆરસી એ આ વાત શ્રી હરિત શુક્લ, આઇએએસ, સેક્રેટરી, ડીએસટી, ગુજરાત સરકાર અને એમણે માનનીય મુખ્યમંત્રીશ્રીને કરી, મુખ્યમંત્રીશ્રીએ તુરંત વીડીયો કોન્ફરન્સ દ્વારા એમઓયુ સાઇનીંગ સાથે વેકરીયા હેલ્થકેર કંપનીના ફાઉન્ડર અને એમ.ડી. શ્રી યોગેન્દ્રભાઇ વેકરીયા જોડે ખાનગી ડિસ્કશન અને હાઇલેવલ સ્પેશ્યલ મીટીંગનું આયોજન તાત્કાલીક કરવા આદેશ આપ્યો, ગુરૂવાર તા.૩૦-૪-૨૦૨૦ ના રોજ બપોરે ૨.૩૦ કલાકે આ વિડીયો કોન્ફરન્સનું આયોજન થયું. દેશ અને દુનિયા માટે મુખ્યમંત્રીશ્રીનું આ પગલું ઉદાહરણ રૂપ બની રહ્યું. ગાંધીનગર (સીએમઓ) ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, શ્રી હરિત શુક્લ, આઇએએસ, ડો. ચૈતન્ય જોષી, ડો. માધવી જોષી અને અન્યો ઉપસ્થિત રહ્યા. જામનગર કલેકટરે ઓફીસ ખાતે વીડીયો કોન્ફરન્સ રૂમમાં વેકરીયા હેલ્થકેરના ફાઉન્ડર અને મેનેજીંગ ડાયરેક્ટર શ્રી યોગેન્દ્રભાઇ વેકરીયા જોડે મુખ્યમંત્રીશ્રીએ વિડીયો કોન્ફરન્સથી સંવાદ કર્યો.




**સ્ક્રીન પર: (ડાબી તરફ) શ્રી યોગેન્દ્ર વેકરીયા, ફાઉન્ડર અને મેનેજીંગ ડાયરેક્ટર, વેકરીયા હેલ્થકેર એલ એલ પી.**
**સ્ક્રીન સામે: (ડાબી તરફ) શ્રી હરિત શુક્લ, આઇ એ એસ, સેક્રેટરી, DST, ગુજરાત સરકાર.**
**(વચ્ચે) શ્રી વિજય ભાઈ રૂપાણી, માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકાર.**
**(જમણી તરફ) ડો. ચૈતન્ય જોષી, ડાયરેક્ટર, ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર, DST, ગુજરાત સરકાર.**

## મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી સાથે શ્રી યોગેન્દ્રભાઇ વેકરીયાની થયેલ સંવાદની ટૂંકી વિગત

શ્રી વિજય ભાઇ રૂપાણી સાહેબે યોગેન્દ્રભાઈને કોરોના સામે માનવજાતને રક્ષણ આપે તેવું રીકમ્બનંટ વેક્સીન બનાવવા અને એમના ખાનગી ગ્રાઉન્ડ બ્રેકીંગ પેટન્ટેબલ આઇડિયા સાથે દવા બનાવવા ગુજરાત બાયોટેક રીસર્ચ સેન્ટર સાથે કરેલ એમઓયુ બદલ હાર્દિક અભિનંદન અને શુભેચ્છા પાઠવી.

શ્રી યોગેન્દ્રભાઇએ માનનીય મુખ્યમંત્રીને બિરદાવતા કહ્યું કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જે ૨૦૦૪ માં ગુજરાત બાયોટેકનોલોજી મિશન સ્થાપિત કર્યુ એમનું વિઝન તમે આગળ વધારતું ખુબજ રિવોલ્યુશનરી પગલું ભર્યુ ૨૦૧૭ માં વર્લ્ડકલાસ ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટરની સ્થાપના કરીને અને જીબીઆરસી ના ડાયરેક્ટર ડો. ચૈતન્ય જોષી અને જોઇન્ટ ડાયરેક્ટર ડો. માધવી જોષીને જીનોમ સિક્વન્સ ડીકોડીંગ માટે બિરદાવ્યા.

શ્રી યોગેન્દ્રભાઇ એ ભારપૂર્વક જણાવ્યું કે, અમે વેક્સીન જરૂર ઝડપથી બનાવીશું તદુપરાંત મારા ખાનગી અંગત પેટન્ટેબલ રીસર્ચ આઇડીયા થી તૈયાર કરેલ બાયોલોજીકસ દબલને બાયોસીમીલર્સના સમન્વય સાથે એક અદ્ભૂત દવા જે હાલ વિશ્વમાં ક્યાંય જ નથી તે ટૂંક સમયમાં સીડીએસસીઓ ની પરવાનગી સાથે ગુજરાત અને અન્ય રાજયોમાં કલીનીકલ ટ્રાયલ્સ ઝડપથી શરૂ કરવામાં આવશે અને આ મેડીકેશનનો પ્રિવેન્ટીવ અને કયોરેટીવ રોલ પણ રહેશે.

તદુપરાંત યોગેન્દ્રભાઇએ મુખ્યમંત્રીની સમક્ષ પોતાની ચિંતા વ્યક્ત કરી અને જણાવ્યું કે, ક્યારેક બ્યુરોક્રેસી કે સિસ્ટમના સ્ટ્રક્ચરને કારણે સારા પ્રોજેક્ટસ અટકી પડે છે અથવા ગુંચવાઇ જાય છે. તેવું ન થાય તે માટે સાથ માંગ્યો. જરૂર પડ્યે સીએમઓ માંથી અથવા કોઈ એક આઇએએસ ઓફિસ નોડલ ઓફિસર તરીકે ડેલીગેટ કરવા જણાવ્યું. જેથી આવા ભગીરથ કામ ખૂબ જ ઝડપભેર અને નિર્વિઘ્ને પાર પડી શકે.

મુખ્યમંત્રીશ્રી એ ખૂબજ ભારપૂર્વક જણાવ્યું કે, અમે હરિત શુક્લને ડેલીગેટ કરેલા જ છે, એ તમને પૂરો સપોર્ટ કરશે. આ એકદમ નીર્ણાયક સરકાર છે. તમને મુશ્કેલી કે અડચણો એ તો દુર ઉલટાનું તમને ખુબજ પોઝીટીવલી બધોજ જોઇતો સપોર્ટ કરવામાં આવશે. Ease of Doing Business માં ગુજરાત દેશમાં ખૂબ જ આગળ છે.

મુખ્યમંત્રીશ્રી એ ફરી અભિનંદન આપ્યા, ઉત્સાહભેર આગળ વધવા જણાવ્યું, એટલું જ નહિં ફરી ફરીને જણાવ્યું કે, 'GO AHEADS! ગતિશીલ ગુજરાતની પ્રજાવતી અભિનંદન અને આશીર્વાદ છે. ઝડપથી આ મિશન પાર પાડો, ગુજરાત સરકાર તમારી સાથે છે!'